RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ માગસર સુદ - ૧૪ | ગુરૂવાર, તા.૦૪-૧૨-૨૦૨૫ | અંક : ૩૧ વર્ષ : ૨૩ | news@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# પાકિસ્તાન માટે જાસૂસી કરતી મહિલા સહિત બે ઝડપાયા

## ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડે દમણ અને ગોવામાંથી કરી ધરપકડ

અમદાવાદ

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્કવોડએ દેશની સુરક્ષાને લગતી ગુપ્ત માહિતી પાકિસ્તાની જાસૂસોનેપૂરી પાડતા બે વ્યક્તિની ધરપકડ કરીને જાસૂસી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલા બંને જાસૂસોમાં એક મહિલા અને એક પૂર્વ આર્મી જવાનનો સમાવેશ થાય છે.ગુજરાત એટીએસ હવે આ નેટવર્કના અન્ય લોકો સુધી પહોંચવા અને તેમણે અત્યાર સુધીમાં કેટલી અને કઈ કઈ સંવેદનશીલ માહિતી લીક કરી છે તે જાણવા માટે તપાસ કરી રહી છે.

ગુજરાત એટીએસ દ્વારા આ ઓપરેશનમાં દમણ અને ગોવા એમ બે અલગ-અલગ સ્થળોએથી બે જાસૂસોની ધરપકડ કરવામાં આવી છે. રશ્મિન રવિન્દ્ર પાલ નામની મહિલા જાસૂસની ગુજરાત એટીએસ દ્વારા દમણમાંથી ધરપકડ કરવામાં આવી છે. જ્યારે બીજો આરોપી એ.કે. સિંહ, જે ભારતીય આર્મીમાં સુબેદાર તરીકે ફરજ બજાવતો હતો તેની ગોવામાંથી ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ પાકિસ્તાનની જાસૂસી સંસ્થાઓના સંપર્કમાં હતા અને દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. પૂર્વ આર્મી સુબેદાર એ.કે. સિંહ પર પાકિસ્તાનના જાસૂસોને આર્થિક મદદ પહોંચાડવા માટે મદદ કરવાનો ગંભીર આક્ષેપ છે. બંને જાસૂસ દેશના સંવેદનશીલ વિસ્તારની જાસૂસી કરીને ગુપ્ત માહિતી લીક કરતા હોવાનું સામે આવ્યું છે.

## બોમ્બ હોવાની ધમકી મળતા અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

### મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી ઈન્ટરનેશનલ ફ્લાઈટને અમદાવાદ ડયાવર્ટ કરાઈ : એક શંકાસ્પદની અટકાયત

અમદાવાદ

મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં બોમ્બ હોવાની મળેલી ધમકીના પગલે ફ્લાઈટનું આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકીના પગલે એરપોર્ટ ઓથોરિટી અને સુરક્ષા એજન્સીઓએ તપાસ હાથ ધરી હતી.

મદીનાથી હૈદરાબાદ તરફ જઈ રહેલી ફ્લાઈટમાં હતી બોમ્બ હોવાની ધમકી મળી હતી. આ ધમકીને પગલે પાયલટે તાત્કાલિક નજીકના એરપોર્ટ પર સંપર્ક કર્યો હતો અને ફ્લાઈટને ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરી હતી.

અચાનક થયેલા લેન્ડિંગ અને બોમ્બની વાત વહેતી થતા વિમાનમાં સવાર મુસાફરોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. જોકે, એરપોર્ટ પર ફલાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ થતાની સાથે જ સ્થાનિક પોલીસ, ઝૈંજીહ્ન, ડોગ સ્કવોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમો તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી અને મુસાફરો અને તેમના સામાનનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ ઝોન ૪ ના ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે, પોલીસને જાણ થતા પોલીસની ટીમ એરપોર્ટ પહોંચી છે અત્યારે તમામ મુસાફરોનું બૉર્ડિંગ કરાવીને એરપોર્ટમાં લાવવામાં આવ્યા છે.શંકાસ્પદ વ્યક્તિની પણ અટક કરવામાં આવી છે.

## ડોલર સામે રૂપિયો વધુ ૨૨ પૈસા તૂટ્યો ૯૦.૪૧ ના નવા નીચલા સ્તરે પહોંચ્યો

### વિદેશી રોકાણકારો સ્થાનિક ઈક્વિટી અને ડેટ માર્કેટમાંથી પૈસા કાઢવાનું ચાલુ રાખશે તો રૂપિયાનું મૂલ્ય વધુ ઘટશે

નવી દિલ્હી

અમેરિકન ડોલર સામે ભારતીય ચલણનું મૂલ્ય સતત ઘટી રહ્યું છે,ગઈ કાલે રૂપિયાએ યુએસ ડોલર સામે ૯૦.૧૪ ના સ્તર પર પહોંચ્યા બાદ આજે બીજા દિવસે પણ ૨૨ પૈસા તૂટીને નવું નીચલું સ્તર ૯૦.૪૧ નવી નીચલી સપાટીએ પહોંચ્યું છે.ભારતીય રૂપિયાએ આજે ટ્રેડિંગની શરૂઆત અત્યંત નબળાઈ સાથે કરી છે અને ડૉલર સામે ફરી એકવાર નવું રેકોર્ડ નીચલું સ્તર સ્પર્શ્યું છે. ગઈકાલના બંધ સ્તર ૯૦.૧૯ પ્રતિ ડૉલરની સરખામણીએ રહ્યું હતું, જ્યારે આજે સ્થાનિક ચલણ ૯૦.૪૧ પ્રતિ ડૉલર પર ખુલ્યું, એટલે કે શરૂઆતી કારોબારમાં જ રૂપિયો ૨૨ પૈસા તૂટ્યો. આ તીવ્ર ઘટાડો સૂચવે છે કે વિદેશી બજારોનું દબાણ, મજબૂત ડૉલર અને વૈશ્વિક અનિશ્ચિતતા રૂપિયા પર ભારે પડી રહી છે.યુએસના આર્થિક ડેટા અને ફેડ દ્વારા વ્યાજ દરો વધારવાની વધતી અપેક્ષાઓ ડૉલરને વધુ મજબૂત બનાવી રહી છે. જ્યારે ડૉલર મજબૂત થાય છે, ત્યારે મોટાભાગની ઊભરતી બજારની કરન્સી નબળી પડે છે, અને આ જ ચક્રમાં રૂપિયો પણ દબાણ હેઠળ છે. બજાર નિષ્ણાતો માને છે કે જો વિદેશી રોકાણકારો સ્થાનિક ઈક્વિટી અને ડેટ માર્કેટમાંથી પૈસા કાઢવાનું ચાલુ રાખશે, અને જો કાચા તેલની કિંમતો વધુ ચઢશે, તો રૂપિયો નબળો જ રહેશે. આગામી દિવસોમાં રૂપિયો ?૯૧ નું સ્તર પણ સ્પર્શી શકે છે.જોકે, નિકાસકારો માટે આ એક પ્રકારનો ફાયદો છે, કારણ કે તેમને ડૉલરની સામે વધુ રૂપિયા મળે છે.રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા સામાન્ય રીતે રૂપિયામાં તીવ્ર ઉતાર-ચઢાવને રોકવા માટે હસ્તક્ષેપ કરે છે, પરંતુ આજની નબળાઈ સૂચવે છે કે બજારમાં દબાણ ઘણું વધારે છે.

## હરિયાણા : પોતાના બાળક કરતાં વધુ દેખાવડા લાગતાં ચાર બાળકોની મહિલાએ કરી હત્યા

### પાણીપતની કાળજુ કંપાવનારી ઘટનામાં 'સાયકો કિલર' મહિલાની કરાઈ ધરપકડ

પાણીપત

હરિયાણાના પાનીપતના એક કિસ્સાએ મા-સંતાનના પવિત્ર સંબંધને કલંકિત કર્યો છે. આ ચકચાર મચાવનારા કિસ્સામાં ૩૪ વર્ષીય વિકૃત મહિલાએ ઈર્ષ્યા અને વિકૃત માનસિકતાને કારને પોતાના જ ત્રણ વર્ષના દીકરા સહિત ચાર માસૂમ બાળકોની હત્યા કરી નાખી. પોલીસે આરોપીની આરોપી પૂનમે કબૂલ્યું હતું કે તે માત્ર એ જ બાળકોને નિશાન બનાવતી હતી કે જે તેમના બાળકથી સુંદર અને દેખાવડા લાગતાં હતા. પોલીસે ખુલાસો કર્યો છે કે ૩૪ વર્ષીય પૂનમ નામની મહિલા છેલ્લા બે વર્ષમાં ચાર બાળકોની હત્યા કરી ચૂકી છે, જેમાં તેનો પોતાનો ત્રણ વર્ષનો દીકરો પણ સામેલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, પૂનમે પૂછપરછમાં જણાવ્યું છે કે તેને એવા બાળકોને મારી નાખવાની 'ગૂંચવણભરી ઈચ્છા' થતી હતી જે તેને તેના પોતાના બાળકો કરતાં વધુ સુંદર લાગતા હતા.

પાણીપત એસપી ભૂપેન્દ્ર સિંહે જણાવ્યું કે મહિલા સુંદર દેખાતી બાળકોને નિશાન બનાવતી હતી. ૨૦૨૩માં પણ આ મહિલાએ બે બાળકીઓની હત્યા કરી હતી. બાદમાં શંકા ન જાય તે માટે તેણે પોતાના દીકરાને પણ મારી નાખ્યો હતો. હવે ચોથા બાળકની હત્યા કર્યા બાદ તે પકડાઈ ગઈ છે. એસપીએ જણાવ્યું કે મહિલાના મગજમાં એવું હતું કે કોઈ બાળકી મોટી થઈને મારા કરતાં વધુ સુંદર ન બની જાય. તેથી તેણે બાળકીઓની હત્યા કરી.


